। श्री स्वामिनारायणो जयति ।

# જનમંગલ સ્તોત્ર નામાવલિ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

(૪)

: પ્રકાશક :

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

૮, સર્વમંગલ સોસાયટી, નારણપુરા

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

। श्री स्वामिनारायणो जयति ।

# જનમંગલ સ્તોત્ર
# નામાવલિ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

(૪)

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

નારણપુરા, અમદાવાદ - ૧૩



ભગવાન
શ્રી સ્વામિનારાયણ

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા. એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા --આ રીતે સમગ્ર માનવકુળ પર મહદ્ ઉપકાર કરનાર

પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



# અનાદિ મુક્તરાજ
# શ્રી અબજીબાપાશ્રી

# નિવેદન

અનાદિ મુક્તરાજ સ. ગુ. શ્રી શતાનંદ મુનિએ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના કલ્યાણકારી દિવ્યગુણ તથા ચરિત્રોને અનુરૂપ ૧૦૮ મંગલ નામોનું 'જનમંગલ સ્તોત્ર', અર્થાત્ દરેક જીવોનું સર્વપ્રકારે મંગલ કરનાર સ્તોત્ર રચ્યું છે. આ સ્તોત્રમાં ૧ થી ૯ સુધીનાં નામો શ્રીહરિના દિવ્ય સ્વરૂપની સ્મૃતિ કરાવનારાં છે. ૧૦ થી ૧૬ નામો શ્રીહરિએ છપૈયામાં જે બાલ ચરિત્રો કર્યાં તેને અનુસરતાં છે. ૧૭ થી ૪૨ સુધીનાં નામો શ્રીહરિજીના વનવિચરણની સ્મૃતિ કરાવનારાં છે અને ૮૩ થી ૧૦૮ સુધીનાં નામો શ્રીજીએ સત્સંગમાં વિચરણ કર્યું તે લીલાને અનુસારે છે.

આ જનમંગલ સ્તોત્ર નામાવલિનો

શ્રીહરિની સ્મૃતિ સહ, શાંત ચિત્તે, શ્રદ્ધાપૂર્વક નિત્ય પાઠ કરવાથી ત્રિવિધ તાપની નિવૃત્તિ થઈ, ભૌતિક તેમ જ આધ્યાત્મિક સુખશાંતિની પ્રાપ્તિ થશે. એવા શ્રીહરિએ તથા સ.ગુ. શતાનંદ મુનિએ આશીર્વચન કહેલાં છે.

પરમ કૃપાળુ શ્રીહરિની કૃપાથી આ સંસ્થા તરફથી "જનમંગલ સ્તોત્ર - નામાવલી"ની દ્વિતીય આવૃત્તિ સત્સંગ સેવા અર્થે પ્રકટ કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ. સંત-હરિભક્તો તથા સમગ્ર સત્સંગ આનો અમૂલ્ય લાભ લે એ જ અભ્યર્થના.

| | |
|---|---|
| ૨૦૫૧, | પ્રકાશન સમિતિ |
| પ્રબોધિની એકાદશી | **શ્રી સ્વામિનારાયણ** |
| અમદાવાદ | **ડિવાઇન મિશન** |

# જનમંગલ સ્તોત્ર નામાવલિ

(દરેક નામની આગળ ૐ શ્રી બોલવું)

૧. શ્રીકૃષ્ણાય નમઃ
૨. વાસુદેવાય નમઃ
૩. નરનારાયણાય નમઃ
૪. પ્રભવે નમઃ
૫. ભક્તિધર્માત્મજાય નમઃ
૬. અજન્મને નમઃ
૭. કૃષ્ણાય નમઃ
૮. નારાયણાય નમઃ
૯. હરયે નમઃ

૧૦. હરિકૃષ્ણાય નમઃ

૧૧. ઘનશ્યામાય નમઃ

૧૨. ધાર્મિકાય નમઃ

૧૩. ભક્તિનન્દનાય નમઃ

૧૪. બ્રહદ્વ્રતધરાય નમઃ

૧૫. શ્રીશુદ્ધાય નમઃ

૧૬. શ્રીરાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ

૧૭. મરુત્સુતપ્રિયાય નમઃ

૧૮. કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ

૧૯. જિતેન્દ્રિયાય નમઃ

૨૦. જિતાહારાય નમઃ

૨૧. તીવ્રવૈરાગ્યાય નમઃ

૨૨. આસ્તિકાય નમઃ

૨૩. યોગેશ્વરાય નમઃ

૨૪. યોગકલાપ્રવૃત્તયે નમઃ

૨૫. અતિધૈર્યવતે નમઃ

૨૬. જ્ઞાનિને નમઃ

૨૭. પરમહંસાય નમઃ

૨૮. તીર્થકૃતે નમઃ

૨૯. તૈર્થિકાર્ચિતાય નમઃ

૩૦. શ્રીક્ષમાનિધયે નમઃ

૩૧. સદોન્નિદ્રાય નમઃ

૩૨. ધ્યાનનિષ્ઠાય નમઃ

૩૩. તપઃ પ્રિયાય નમઃ

૩૪. સિદ્ધેશ્વરાય નમઃ

૩૫. સ્વતંત્રાય નમઃ

૩૬. બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ

૩૭. પાષણ્ડોચ્છેદનપટવે નમઃ

૩૮. સ્વસ્વરૂપાચલસ્થિતયે નમઃ

૩૯. પ્રશાન્તમૂર્તયે નમઃ

૪૦. નિર્દોષાય નમઃ

૪૧. અસુરગુર્વાદિમોહનાય નમઃ

૪૨. અતિકારુણ્યનયનાય નમઃ

૪૩. ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ

૪૪. મહાવ્રતાય નમઃ

૪૫. સાધુશીલાય નમઃ

૪૬. સાધુવિપ્રપૂજકાય નમઃ
૪૭. અહિંસાયજ્ઞપ્રસ્તોત્રે નમઃ
૪૮. સાકારબ્રહ્મવર્ણનાય નમઃ
૪૯. સ્વામિનારાયણાય નમઃ
૫૦. શ્રીસ્વામીને નમઃ
૫૧. કાલદોષનિવારકાય નમઃ
૫૨. સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ
૫૩. સદ્યઃ સમાધિસ્થિતિકારકાય નમઃ
૫૪. કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ
૫૫. કૌલદ્વિષે નમઃ
૫૬. કલિતારકાય નમઃ

૫૭. પ્રકાશરુપાય નમઃ

૫૮. નિર્દમ્ભાય નમઃ

૫૯. સર્વજીવહિતાવહાય નમઃ

૬૦. ભક્તિસંપોષકાય નમઃ

૬૧. વાગ્મિને નમઃ

૬૨. ચતુર્વર્ગફલપ્રદાય નમઃ

૬૩. નિર્મત્સરાય નમઃ

૬૪. ભક્તવર્મણે નમઃ

૬૫. બુદ્ધિદાત્રે નમઃ

૬૬. અતિપાવનાય નમઃ

૬૭. અબુદ્ધિહ્રતે નમઃ

૬૮. બ્રહ્મધામદર્શકાય નમઃ

૬૯. અપરાજીતાય નમઃ
૭૦. આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ
૭૧. શ્રીતસંસૃતિમોચનાય નમઃ
૭૨. ઉદારાય નમઃ
૭૩. સહજાનંદાય નમઃ
૭૪. સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ
૭૫. કંદર્પદર્પદલનાય નમઃ
૭૬. વૈષ્ણવક્રતુકારકાય નમઃ
૭૭. પંચાયતનસન્માનાય નમઃ
૭૮. નૈષ્ઠિકવ્રતપોષકાય નમઃ
૭૯. પ્રગલ્ભાય નમઃ
૮૦. નિઃ સ્પૃહાય નમઃ

૮૧. સત્યપ્રતિજ્ઞાય નમઃ
૮૨. ભક્તવત્સલાય નમઃ
૮૩. અરોષણાય નમઃ
૮૪. દીર્ઘદર્શીને નમઃ
૮૫. ષડૂર્મિવિજયક્ષમાય નમઃ
૮૬. નિરહંકૃતયે નમઃ
૮૭. અદ્રોહાય નમઃ
૮૮. ઋજવે નમઃ
૮૯. સર્વોપકારકાય નમઃ
૯૦. નિયામકાય નમઃ
૯૧. ઉપશમસ્થિતયે નમઃ
૯૨. વિનયવતે નમઃ

૯૩. ગુરવે નમઃ

૯૪. અજાતવૈરીણે નમઃ

૯૫. નિર્લોભાય નમઃ

૯૬. મહાપુરુષાય નમઃ

૯૭. આત્મદાય નમઃ

૯૮. અખંડિતાર્ષમર્યાદાય નમઃ

૯૯. [illegible]ન્તબોધકાય નમઃ

૧૦૦. મનોનિગ્રહયુક્તિજ્ઞાન નમ.

૧૦૧ યમદૂતવિમોચકાય નમઃ

૧૦૨ પૂર્ણકામાય

૧૦૩ સત્યવાદીને નમ

૧૦૪ ગુણગ્રાહિણે નમઃ

૧૦૫. ગતસ્મયાય નમ:

૧૦૬. સદાચારપ્રિયતરાય નમ:

૧૦૭. પુણ્યશ્રવણકીર્તનાય નમ:

૧૦૮. સર્વમંગલસદ્રૂપનાના ગુણ
વિચેષ્ટિતાય નમ:

।। श्री स्वामिनारायण नमो नमः ।।

# જનમંગલ સ્તોત્રમ્

નમો નમઃ શ્રીહરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિધર્માંગજાતાય ભક્તકલ્પદ્રુમાયચ ।।
સુગંધપુષ્પહારદ્યૈર્વિ વિધૈરુપહાર કૈઃ ।
સંપૂજીતાય ભક્તૌઘૈ સિતાંબરધરાય ચ.।।

સુગંધીમાન પદાર્થો અને ફૂલહાર વગેરે વિવિધ પ્રકારની સામગ્રીથી સારી રીતે પૂજેલા, શ્વેત વસ્ત્ર ધારણ કરનારા, બુદ્ધિદાતા, દયાળુ, ભક્તોના કલ્પવૃક્ષ, ભક્તિધર્મના પુત્ર એવા શ્રીહરિને હું વારંવાર વંદન કરું છું. ૧-૨

નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ ।
સદ્યઃ ફલપ્રદં નૄણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥

સંતપુરુષોના પાલક એવા શ્રીહરિ તેનાં એકસો આઠ નામો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની ઇચ્છાવાળા મનુષ્યોને તુર્ત ફળ આપનારાં છે; તે હું (શતાનંદ મુનિ) કહું છું-૩.

અસ્યશ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રમંત્રસ્ય શતાનન્દઋષિ । અનુષ્ટુપ છંદઃ ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઇતિ બીજમ્બૃહદ્વ્રતધર ઇતિ શક્તિઃ । ભક્તિનન્દન ઇતિ કીલકમ્ । ચતુર્વર્ગીસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ॥

આ શ્રીહરિનાં એકસો આઠ નામનું શ્રી જનમંગલ નામનું સ્તોત્ર છે. તેના ઋષિ શતાનંદ મુનિ છે. તેનો છંદ અનુષ્ટુપ છે. તેના દેવતા ધર્મના પુત્ર શ્રીહરિ છે. તેનું બીજ ધાર્મિક એવા શ્રીહરિ છે. તેની શક્તિ-બ્રહ્મચર્ય વ્રત ધરનારા શ્રીહરિ છે અને તેનો આશ્રયસ્તંભ (કીલક-ખીલો) તે-ભક્તિનંદન એવા શ્રીહરિ છે. આ સ્તોત્રનો ઉપયોગ ચારે પુરુષાર્થની સિદ્ધિ માટે જપ કરવામાં આવે છે.

॥ અથ ધ્યાનમ્ ॥

વર્ણિવેષરમણીયદર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનંદનમહં વિચિન્તયે ॥

જેમનું દર્શન બ્રહ્મચારીના વેશમાં રમણીય છે, જેમનું મુખકમળ મંદ- હાસ્યથી સુંદર છે; અને જેને ઉત્તમ દેવો તથા મનુષ્યોએ આનંદથી પૂજેલા છે -તે ધર્મના પુત્ર શ્રીહરિનું હું ધ્યાન કરું છું.-૪

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ
ભક્તિધર્માત્મજોऽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥

શ્રીકૃષ્ણ, શ્રીવાસુદેવ, નરનારાયણ, પ્રભુ, ભક્તિધર્મના પુત્ર, અજન્મા, કૃષ્ણ, નારાયણ અને હરિ તથા-૫

હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥

હરિકૃષ્ણ, ઘનશ્યામ, ધર્મવાન, ભક્તિ-
પુત્ર નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત ધરનારા, શુદ્ધ,
રાધાકૃષ્ણ દેવને ઇષ્ટ માનનારા તથા.-૬

મરુત્સુતપ્રિયઃ કાલીભૈરવાદ્યતિભીષણઃ ।
જીતેન્દ્રિયો જીતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥

હનુમાનજીને પ્રિય માનનારા, કાલી અને
ભૈરવને અતિ ભયાનક જણાતા,
ઈન્દ્રિયોને જીતનારા, આહારને જીતનારા,
તીવ્ર વૈરાગ્યવાન, આસ્તિક તથા.-૭

વાગશ્વરા વાગકલાપ્રવૃત્તિરતીધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥

વાગ વિદ્યાના ઈશ્વર, યોગકલાના પ્રવર્તક, ઘણી ધીરજવાળા, જ્ઞાની, પરમહંસ, તીર્થ કરનારા, તીર્થવાસીઓએ પૂજેલા, તથા-૮.

ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપ: પ્રિય ।
સિધ્ધેશ્વરઃ સ્વતન્ત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥
પાષણ્ડોચ્છેદનપટુઃ સ્વસ્વરુપાચલસ્થિતિ: ।
પ્રશાન્તમૂર્તિનિર્દોષોઽસુરગુર્વાદિમોહનઃ ॥

ક્ષમાના ભંડાર, સદાનિદ્રાએ રહિત, ધ્યાન પરાયણ, તપ જેને પ્રિય છે તેવા, સિદ્ધોના ઈશ્વર, સ્વતંત્ર, બ્રહ્મવિદ્યા

પ્રવર્તાવનારા તથા પાખંડનું ખંડન કરવામાં નિપુણ, પોતાના સ્વરુપમાં અચલ સ્થિતિવાળા, અતિશય શાંત મૂર્તિ, નિર્દોષ અસુરગુરુ વગેરેને મોહ પમાડનારા તથા.-૧૦

અતિકારુણ્ય નયનાકૌદ્ધવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપૂજકઃ ॥

અતિ કરુણામય નેત્રવાળા ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક, મહાવ્રતધારી, સારા સ્વભાવવાળા, સંત પુરુષો અને બ્રાહ્મણોને વિશેષે પૂજનારા તથા.-૧૧

અહિંસયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃસ્વામી કાલદોષનિવારકઃ ॥

અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરનારા, પરમાત્માને સાકાર વર્ણવનાર સ્વામિનારાયણ, સ્વામી કાળના દોષને હરનારા તથા.-૧૨

સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃસમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥

સત્શાસ્ત્રોમાં સદા પ્રીતિવાળા, તત્કાળ સમાધિ કરાવનારા, શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓ સ્થાપન કરનારા, વામ માર્ગનું ખંડન કરનારા, કલિયુગમાં તારનારા, તથા.-૧૩

प्रकाशरूपो निर्दम्भः सर्वजीवहितावहः ।
भक्तिसम्पोषको वाग्मी चतुर्वर्गफलप्रदः ॥

દિવ્ય તેજોમય મૂર્તિ, દંભરહિત, સકલ પ્રાણી માત્રનું હિત કરનારા, ભક્તિની સારી રીતે પુષ્ટિ કરનારા, શ્રેષ્ઠ વક્તા, ચારે પુરુષાર્થોના ફળ આપનારા, તથા.-૧૪

निर्मत्सरो भक्तवर्मा बुद्धिदाताऽतिपावनः ।
अबुद्धिहृद्ब्रह्मधामदर्शकश्चापराजितः ॥

મત્સર વિનાના, ભક્તજનોના બખ્તર રૂપ, બુદ્ધિ આપનારા, અત્યંત પવિત્ર કરનારા; અજ્ઞાનનો નાશ કરનારા, અક્ષરધામ દર્શાવનારા કોઈથી નહિ જીતાયેલા તથા.-૧૫

આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃસહજાનન્દઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥

સમુદ્રના છેડા સુધી સત્કીર્તિ ફેલાવનારા, આશ્રિતોને જન્મ-મરણથી મુકાવનારા, ઉદાર, સહજાનંદ, પતિવ્રતાના ધર્મો પ્રવર્તાવનારા તથા.-૧૬

કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥

કામના ગર્વનું ગુંજન કરનારા, વિષ્ણુયાગ કરનારા, (વેદના) પંચ દેવોનું સન્માન કરનારા, નૈષ્ઠિક વ્રતની પુષ્ટિ કરનારા, તથા.-૧૭

પ્રગલ્ભો નિસ્પૃહો સત્યપ્રતિજ્ઞો ભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥

અત્યંત ગંભીર, કોઈ પ્રકારની સ્પૃહા ન રાખનારા, પ્રતિજ્ઞાને સત્ય કરનારા, ભક્તો તરફ અતિશય પ્રીતિવાળા, રોષ રહિત, દીર્ઘ દ્દષ્ટિવાળા, છ ઊર્મિઓને જીતવામાં સમર્થ, તથા.-૧૮

નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપરાકરઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥

અહંકાર વગરના, કોઈનો દ્રોહ નહિ કરનારા, સરળ સ્વભાવના, ઉપશમ સ્થિતિવાળા, વિનયવાન, અજ્ઞાનને હરનારા, તથા.-૧૯

અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥

અજાતશત્રુ, લોભરહિત, મહાપુરુષ, સ્વાર્પણ કરનારા, ઋષિઓએ બાંધેલી મર્યાદાનું ખંડન ન થવા દેનારા,વ્યાસજીના સિદ્ધાંતને સ્પષ્ટ કરનારા, તથા.-૨૦

મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥

મનને વશ કરવાની કળા જાણનારા, યમના દૂતોથી મુકાવનારા, પૂર્ણ સંકલ્પોવાળાં સત્ય બોલનારા, ગુણોનું ગ્રહણ કરનારા, વિસ્મય કે ગર્વ રહિત, તથા.-૨૧

સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રૂપનાના ગુણવિચેષ્ટિતઃ ॥

સદાચાર ઉપર અતિશય પ્રીતિવાળા. સાંભળતાં કે ગાતાં પવિત્ર કરે એવીકીર્તિવાળા સર્વનું મંગળ કરનાર છે સુંદર સ્વરૂપ. વિવિધ ગુણો તથા ચરિત્રો જેમનાં એવાં-૨૨

...ત્યત્ પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
... પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥

આવુ આ મહાન જનમંગલ નામનું સ્તોત્ર છે તેનો પાઠ જે કરે તેને સર્વમંગલ નામના (હજાર નામવાળા) સ્તોત્રનો પાઠ કરવાનું ફળ મળે છે.-૨૩

યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલંશ્રાવયેચ્ચ વા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥

જે મનુષ્ય શ્રદ્ધાથી ત્રણે કાળ (સવાર, બપોર, સાંજ) આ સ્તોત્રનો પાઠ કરે, સાંભળે કે સંભળાવે તેનાં સર્વ પાપો નિશ્ચય નાશ પામે.-૨૪

એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદનઃ ॥

આ સ્તોત્રનો હંમેશાં પાઠ કરનારને શ્રી હરિકૃષ્ણ ભગવાનની કૃપાથી ચાર પુરુષાર્થ (ધર્મ, અર્થ,કામ, મોક્ષ) માંહેનો કોઈપણ પુરુષાર્થ દુર્લભ રહેતો નથી.-૨૫

ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીં બ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનમુપદ્રવઃ ॥

અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઽપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥

આ સ્તોત્રના દશ હજાર પાઠ કરવાથી ભૂત, પ્રેત, પિશાચો, ડાકિણીઓ, બ્રહ્મરાક્ષસો, યોગિનીઓ અને બાલગ્રહો વગેરેની પીડા તથા શત્રુએ કરેલો અભિચાર કે રોગ અગર બીજા કોઈપણ ઉપદ્રવો એ સર્વનો અવશ્ય નાશ થાય છે; એમાં સંશય નથી.- ૨૬-૨૭

દશાવૃત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાભિ પઠનીયમિદં તતઃ ॥

આ સ્તોત્રના દરરોજ દશ પાઠ કરવાથી મનોવાંછિત સુખ મળે છે; માટે ગૃહસ્થો અને ત્યાગીઓએ આનો પાઠ અવશ્ય કરવો.-૨૮

ઇતિ શ્રી શતાનંદમુનિ વિરચિતં
શ્રીજનમંગલાખ્યં
શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥

## સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીકૃત ભગવાન શ્રી સ્વામિનારાયણ સહજાનંદ સ્વામીનો મંત્ર

જ્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સત્સંગીઓને ધન. રાજ્ય કે શરીર સંબંધી ઉપદ્રવ આવી પડે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ ક્ષુદ્રદેવનો જાપ ન કરવાની આજ્ઞા કરેલ છે છતાં તે કરી આજ્ઞાભંગ કરે છે. તેથી તેમના હિતાર્થે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીનો નીચે મુજબ મંત્ર બનાવેલ છે

જેનો વિધિપૂર્વક જાપ કરવાથી સંકટો નષ્ટ થાય છે. તે મંત્રઃ

ॐ हौं हँ ॐ श्रीं ठँ हीं
पत्रे पत्रे देवानां
ॐ भूते द्वीपे ही
साँ गौं त्रीं
यांग पीवात्मानं हाँ
हँ भगवते ग्लाँ
महाष्टयोगसिद्धिं मां
प्रदात्रे श्री सहजानंद
परमात्मने नमः
ॐ ठँ भँ एँ हाँ ञूँ ॐ

વિધિ નીચે પ્રમાણે છેઃ

(૧) મંત્રજાપનો આરંભ મંગળવારના દિવસે કરવો અને પંદર દિવસમાં દશ હજાર જાપ કરવા.

(૨) જાપ મંદિર અથવા પવિત્ર એકાન્ત જગ્યામાં બેસી ઘીનો દીવો અને સુગંધી ધૂપ સાથે કરવો.

(૩) જાપ કરનારે સ્ત્રીના હાથનું બનાવેલ ભોજન જમવું નહિ. બ્રાહ્મણના હાથનું અથવા પોતાને હાથે બનાવેલ ભોજન જમવું.

(૪) જાપ કરનારે ઉપવાસ કરવો એટલે

દૂધ અથવા ફળાહાર લેવું અને અશક્ત હોય તેણે એકવાર ભોજન જમવું.

(૫) જાપ કરનારે સંસાર વ્યવહાર કાર્યનો, આળસનો, દિવસની નિદ્રાનો અને સ્ત્રીસંગનો ત્યાગ કરવો.

(૬) જાપ કરનારે કોઈ નિંદા કરવી કે સાંભળવી નહિ અને મંત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ રાખવો.